જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૬/૨૦૨૨    રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સેક્ટર-૨ (SIT ટીમ):-**

## અમદાવાદ શહેર કાપડ માર્કેટના વેપારી સાથે ઠગાઈ કરનાર આરોપીને શોધી કાઢી ધરપકડ કરતી સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબની SIT ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર કાપડ માર્કેટના કાપડના વેપારીઓ પાસેથી લે ભાગુ કાપડના વેપારીઓ દ્વારા હોલસેલમાં કાપડનો માલ ઉધારીમાં ખરીદ કરી વાયદા મુજબ ખરીદ કરેલ કાપડના માલના રૂપિયા ચુકવી નહી આપી કાપડ માર્કેટના વેપારીઓ સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી કાપડના વેપારીઓ સાથે થતી ઠગાઈ તેમજ ગુનાહીત પ્રવૃતીને ડામવા સારૂ કાપડ માર્કેટના વેપારીઓ દ્વારા મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબને રજુઆત કરતા ક્રમાક:જી/૭૨૫/સેકટર-૨/સીટ રચના/૨૨૬૯/૨૦૨૦ તા-૧૯/૧૦/૨૦૨૦ થી સેક્ટર-૨ SIT સ્કોર્ડની રચના કરવામાં આવેલ હોય સદર SIT સ્કોર્ડ દ્વારા કાગડાપીઠ પો.સ્ટે ગુ.ર.નં. એ-૧૧૧૯૧૦૨૫૨૨૦૭૨૩/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ-૪૦૬,૪૨૦, ૫૦૬(૧) મુજબની ફરીયાદમાં કુલ રૂ.૫૪,૯૭,૧૨૧/- ની છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપીની ધરપકડ કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૧૯/૦૬/૨૦૨૨

**આરોપીનુ નામ :**

"આગમ એન્ટરપ્રાઈઝ" ના પ્રોપરાઈટર હેમાંગ દિનેશભાઈ શાહ
રહે. મ.નં.૬ એપ્પલ એપાર્ટમેન્ટ, રામનગર, સાબરમતી અમદાવાદ



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૨૮ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૭/૨૦૨૨**

**રામોલઃ** નિરજભાઇ ઉપેન્દ્રભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૬)(રહે.શિવાનંદ બંગ્લોઝ, બાપા સિતારામ ચોક વસ્ત્રાલ) એ તા.૧૮/૬/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ચેતનભાઇ રમણભાઇ પંચાલ (રહે.ક્રિશ ગોલ્ડ ફ્લેટ, ડિ-માર્ટ પાસે, નિકોલ) અને (૨) નિરલ અશોકભાઇ ચોકસી (રહે. ધ મિડોઝ ફલેટ, અદાણી શાંતીગ્રામ એસ.જી.હાઇવે) એ ભેગામળી વસ્ત્રાલ સ્વયંભુ હોસ્પિટલની પાછળ નૈયા-૧ ફલેટની નીચે દુકાન નંબર-૯ ખાતે આવેલ નિરજભાઇની "વિશ્વકર્મા કોર્પોરેશન ફર્મ" માંથી સ્ટીલના સળીયાનો માલ ખરીદ કરી, આરોપી નંબર (૩) કૃણાલ ચંદુભાઇ ઢોલરિયા (રહે.જગતનગર વિભાગ-૨ ઇન્ડિયા કોલોની રોડ બાપુનગર) (૪) મહાદેવ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર ભરત સિંઘલ (રહે.કાસમજી કંપાઉન્ડ, પીરાણા રોડ, બહેરામપુરા) (૫)વેદ ઇન્ફ્રાસ્ટ્રકચર ના પ્રોપરાઇટર હાર્દિક વિઠ્ઠલભાઇ પટેલ (રહે.વિક્રમપાર્ક બજરંગ આશ્રમની સામે) (૬) પ્રમુખ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર ધવલકુમાર નટવરભાઇ પટેલ (રહે.ગ્રાઉન્ડ ફ્લોર, ગજાનંદ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨ કઠવાડા જી.આઇ.ડી.સી. ઓઢવ) (૭) રાધે કોર્પોરેશન ના પ્રોપરાઇટર બ્રિન્દલ યોગેશભાઇ પટેલ (રહે.ચોથો માળ સિધ્ધિવિનાયક ટાવર કટારીયા આર્કેડની બાજુમાં ડિ.એ.વી. સ્કૂલ પાસે મકરબા) ઉપરોકત અલગ-અલગ ફર્મોમાં કુલ કિંમત રૂપિયા ૧,૩૯,૮૧,૯૬૭/– મતાનો સ્ટીલના સળીયાનો માલ વેચાણ આપી, માલનુ પેમેન્ટ ૧૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપી, ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧૧,૫૪,૬૩૩/– ચુકવ્યા બાદ બાકી રહેતા માલના કુલ રૂપિયા ૧,૨૮,૨૭,૩૩૪/– નિરજભાઇ ને નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.હરકટ નોકરી:- સેક્ટર-૨, SIT સ્ક્વોડ નાઓ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૮/૨૦૨૨**

**નારોલઃ** નારોલ રાણીપુર ગામ ઈન્દિરાનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા પ્રકાશભાઇ એન્ટોનીભાઇ ડિસોઝા(ક્રીચ્યન)(ઉ.વ.૪૪) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે રહેણાંક મકાનમાં પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી